# IIT-Gn કેમ્પસને ફાઈવ સ્ટાર રેટિંગ મળ્યું

> 'ગ્રીન રેટિંગ ફોર ઈન્ટરગ્રેટેડ હેબિટાટ એસેસમેન્ટ ફોર લાર્જ ડેવલપમેન્ટ' કેટેગરીમાં આઈઆઈટી ગાંધીનગરના પાલેજ કેમ્પસને ૨૫.૯ ટકા પોઈન્ટ મળ્યા

પોતાના ક્વોલિટી ઑફ એજ્યુકેશન માટે જાણીતી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ગાંધીનગર હવે એજ્યુકેશનની સાથે પોતાના ગ્રીન બિલ્ડિંગ અને એન્વાયમેન્ટફ્રેન્ડલી વાતાવરણ માટે આઈઆઈટી પાલેજ કેમ્પસે નવી વિક્રમ સ્થાપિત કર્યો છે.તાજેતરમાં 'ગ્રીન રેટિંગ ફોર ઈન્ટરગ્રેટેડ હેબિટાટ એસેસમેન્ટ ફોર લાર્જ ડેવલપમેન્ટ' દ્વારા આઈઆઈટી કેમ્પસની વિઝિટ લઈને તેને વિવિધ પાસાઓમાં તપાસીને ફાઈવ સ્ટાર રેટિંગ આપીને સન્માનિત કર્યુ છે.

'ગ્રીન રેટિંગ ફોર ઈન્ટરગ્રેટેડ હેબિટેટ એસએસમેન્ટ ફોર લાર્જ ડેવલપમેન્ટ' એ દેશના શૈક્ષણિક સંસ્થાઓની કેમ્પસનનુ મુલ્યાંકન કરતી ઈન્ડિયન નેશનલ રેટિંગ સિસ્ટમ ફોર ગ્રીન બિલ્ડિંગ ડેવલપમેન્ટ સિસ્ટમ છે. જેમાં એનર્જી એન્ડ રીસોર્સ ઈન્સ્ટિટ્યૂટ સાથે મળીને દેશના ટોચની એજ્યુકેશન સંસ્થાઓના કેમ્પસનું એન્વાયમેન્ટની દૃષ્ટિએ મુલ્યાકન કરે છે.

'ગ્રીન રેટિંગ ફોર ઈન્ટરગ્રેટેડ હેબિટાટ એસેસમેન્ટ ફોર લાર્જ ડેવલપમેન્ટના સભ્યોની ટીમ દ્વારા ઓવર ઓલ ઈમ્પેક્ટ ઑફ ડેવલપમેન્ટને કેન્દ્રમાં રાખી આઈઆઈટી ગાંધીનગરના કેમ્પસને ૨૯.૯ ટકા સ્કોર આપ્યો છે.આ રેટિંગ મળતાની સાથે જ આઈઆઈટી ગાંધીનગરનું પાલેજ કેમ્પસ ભારતનું સૌ પ્રથમ ફાઈવ સ્ટાર રેટિંગ પ્રાપ્ત કરતું કેમ્પસ બની ગયુ છે. આઈઆઈટી ગાંધીનગરના આ સિદ્ધિ પાછળ આઈઆઈટીના બિલ્ડિંગ બનાવતા સમયે ઘડવામાં આવેલા માસ્ટર પ્લાનને આભારી છે. આ માસ્ટર પ્લાનમાં આઈઆઈટી દ્વારા ઈકોફ્રેન્ડલી સસ્ટેનેબલ કેમ્પસ કેવી રીતે બનાવી શકાય અને બિલ્ડિંગ નિર્માણ દરમિયાન પર્યાવરણને ઓછામાં ઓછી અસર થાય તેવા ક્રાઈટ એરિયા માસ્ટર પ્લાનમાં ઘડવામાં આવ્યા છે.જેના કારણે આઈઆઈટી કેમ્પસ ભારતના અન્ય શૈક્ષણિક કેમ્પસને પછાડી ફાઈવ સ્ટાર રેટિંગ મેળવવામાં સફળ થયુ છે.

### કઈ બાબતો આઈઆઈટીને કેમ્પસ ખાસ બનાવે છે

૪૦૦ એકરનું વિશાળ કેમ્પસ,
સોલારવોલ્ટિક પ્લાન્ટ,
સોલાર વૉટર હેટરર્સ,
ઓક્સિજન યુક્ત કેમ્પસ,
રાહદારીને સરળ પડે તેવા આઉટડોર-ઈનડોર રસ્તાઓ,
બિલ્ડિંગમાં એન્વાયમેન્ટફ્રેન્ડલી સાધનો વાપરવા માટે,
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ,
વરસાદી પાણીનો સંગ્રહ,
બાયોગેસ પ્લાનટ,
હવામાનને અનુકૂળ ડિઝાઈન.

આઈઆઈટીના પાલેજ ખાતેના નવા કેમ્પસમાં અમે સસ્ટેઈનિબિલિટીને કેન્દ્ર ફોકસમાં રાખી કેમ્પસનું નિર્માણ કર્યુ છે. આઈઆઈટીના માસ્ટર પ્લાનમાં પૈસાનો ખુબ ખર્ચ કરવામાં આવ્યુ છે. જેમાં અમે લાંબા ગાળે ટકાઉ અને ફ્રેન્ડલી વાતારવણવાળુ કેમ્પસ નિર્માણ કરી શક્યા છીએ.

**સુધીર જૈન, IIT-Gn, ડાયરેક્ટર**

Source: Gujarat Samachar (CityPlus), pp. 01, Jan 20 2016